II चैतन्य II
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# ભારતમાં ઓર્ગેનિક ખેતી

**Gojiya Kajal Lakhamanbhai**

**Shree R. P. Chavda Mahila Arts College, Bhatiya**

## સારાંશ

ઓર્ગેનિક ખેતી એ પંરપરાગત ખેતી પદ્ધતિ માનવામાં આવે છે. ભારત એક ખેતી સાથે સંકળાયેલા દેશ છે. તેથી તેને એક ખેતીપ્રધાન દેશ તરીકે ઓળખવામાં આવે છે. મુખ્ય વ્યવસાય ખેતી અને ખેતી સંલગ્ન પ્રવૃતિઓ હોવાથી ભારતની લગભગ 55-56% વસ્તી ખેતી સાથે સંકળાયેલી છે. ભારતમાં 59.60 ટકા વસ્તી ગામડાઓમાં વસે છે તેમજ ખેતી કરી પોતાનું દૈનિક જીવન ચલાવે છે. ઓર્ગેનિક ખેતી જે કૃત્રિમ રસાયણો વિના પાક ઉગાડવા માટેનો એક માર્ગ કે દિશા છે. ખેડૂતો જમીનના પોષણ માટે અનેક ખાતરોનો ઉપયોગ કરે છે. જેમકે સેન્દ્રીય, અસેન્દ્રીય અને જૈવિક ખાતર. ઓર્ગેનિક ખેતીમાં અવા પ્રકારના નહિ પરંતુ માત્ર કુદરતી ખાતરોનો જ ઉપયોગ દ્વારા ખેતી પદ્ધતિ હાથ ધરે છે. આથી ઓર્ગેનિક ખેતી જૈવ વિવિધતા ખુબ જ પ્રોત્સાહન પૂરું પાડે છે. જેમાં વિવિધ છોડ, વિવિધ વનસ્પતિ, જૈવિક કચરો, પ્રાણીઓના મળમૂત્ર વગેરેનું મિશ્રણ કરી ખેતી માટે ઉપયોગી બનાવી તેને ખેતી ક્ષેત્રે લાગુ કરવામાં આવે છે. જે પર્યાવરણ માટે પણ અનુકૂળ સાબિત થાય છે કારણ કે તે પ્રદુષણ અને જમીન ધોવાણને પણ અટકાવે છે. આથી હાલના સમયમાં ઓર્ગેનિક ખેતી દેશ અને સમાજ માટે એક જીવાદોરી સાબિત થતા અનેક દેશો એ જુદાં જુદાં પ્રકારે ઓર્ગેનિક ફારમિંગ હાથ ધર્યું છે તેવી અનેક બાબતો પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં સમાવેશ કરવામાં આવી છે.

**ચાવીરૂપ શબ્દો** : ઓર્ગેનિક, પદ્ધતિ, પાક, વાવેતર, ખેતી

### પ્રસ્તાવના

ઓર્ગેનિક ખેતી પાક અને પશુધન માટે પર્યાવરણીય પરિસ્થિતિ સાથે અનુકૂળ વાતાવરણ સર્જી અનેક રીતે ફાયદાકારક સાબિત થઈ રહી છે. જે પાકની ગુણવત્તામાં વધારો કરી ખેતીને અન્ય રાસાયણિક પ્રદાર્થોથી દૂર રાખે છે. રસાયણોને બદલે સજીવ ખેતી પાકોને જરૂરી પોષણ તત્વો પૂરા પાડી પુષ્કળ ઉત્પાદકતા સર્જી ઉત્પાદન આપે છે. ઓર્ગેનિક ખેતી દ્વારા હવા, જમીન, પાણી વગેરેનું

પ્રદુષણ ઘટાડવા અને તેને નિયંત્રણમાં લાવવામાં મદદરૂપ સાબિત થઈ શકી છે. ઓર્ગેનિક ખેતી દેશી ખેતીનો જ એક સુધારેલો ભાગ છે. જેને ભારત દેશમાં કુદરતી ભેટ તરીકે પણ ઓળખવામાં આવે છે. આથી કહી શકાય કે ઓર્ગેનિક ખેતી પદ્ધતિ ટકાઉ પાક ઉત્પાદકતાથી લઈને લોકોના સલામત અને પોષણક્ષમ જીવનધોરણના આધારને વધુ વેગ આપે છે. આમ, પ્રસ્તૂત સંશોધન અભ્યાસમાં ભારતમાં ઓર્ગેનિક ખેતી અંગેની મહત્વની બાબતો સ્પષ્ટ કરીશું.

### હેતુઓ

- ભારતના સંદર્ભમાં ઓર્ગેનિક ખેતી પદ્ધતિનો અભ્યાસ કરવો.
- ભારતના સંદર્ભમાં ઓર્ગેનિક ખેતીની ઐતિહાસિક બાબતો પર સંક્ષિપ્તમાં અભ્યાસ કરવો.
- ભારતમાં ઓર્ગેનિક ખેતી સંલગ્ન મહત્વની બાબતો અને તેને સંલગ્ન વલણોનો અભ્યાસ કરવો.

### સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિનો આધાર લઈ ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### સંદર્ભ સાહિત્યની સમીક્ષા

**Organic world (2021) Department of Agriculture & Farmers Welfare**

ઓર્ગેનિક ખેતી આજે વિશ્વના 187 દેશોમાં કરવામાં આવે છે. મહત્તમ 3.1 મિલિયન ખેડૂતો દ્વારા 72.3 મિલિયન હેક્ટર ખેતીલાયક જમીનનું સંચાલન કરવામાં આવે છે. ઓસ્ટ્રેલિયામાં સૌથી વધુ ઓર્ગેનિક ખેતીલાયક જમીન જોવા મળે છે. વર્ષ 2019 માં ઓર્ગેનિક ખાદ્યપદાર્થો અને તેનું વૈશ્વિક વેચાણ 106 અબજ યુરોથી વધુ થયું હતું . વિશ્વભરમાં ઓર્ગેનિક ખેતી પરના સર્વે અનુસાર, ઓર્ગેનિક ખેતીલાયક જમીનમાં 1.1 મિલિયન હેક્ટરનો દર વર્ષે વધારો કરે છે અને ઓર્ગેનિક છૂટક વેચાણમાં વધારો કરે છે. ઓર્ગેનિક ખેતી માટે જમીન ઉપરાંત જંગલ વિસ્તારો, પશુધન વિસ્તાર, મધમાખી ઉછેર વિસ્તારો, બિન-કૃષિ વિસ્તારોમાં જળચરbઉછેર, જંગલ અને ચરાઈ વિસ્તારો વગેરેનો સમાવેશ કરવો જોઈએ. કુલ 35 મિલિયન હેક્ટર અને તમામ જૈવિક વિસ્તારોનો સરવાળો કરીએ તો કુલ 107.4 મિલિયન હેક્ટર જમીન વિસ્તાર થતું જોવા મળે છે.

**Organic farming (update 2025) Wikipedia**

ઓર્ગેનિક ખેતી, જેને ઓર્ગેનિક એગ્રીકલ્ચર, ઇકોલોજીકલ ફાર્મિંગ, જૈવિક ખેતી, સજીવ ખેતી વગેરે નામોથી  ઓળખવામાં આવે છે. જે એક કૃષિ પ્રણાલી તરીકે પરંપરાગત રીતે જાણીતી ખેતી પદ્ધતિ છે. જેમાં કુદરતી રીતે બનતા, નિયોજકો જેમકે લીલા ખાતર, હાડકાંનો વહેર, પાકોનો કચરો, છોડ

વનસ્પતિમાંથી નીકળેલ બિન જરૂરી કણો વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે. તેથી તેને વિસ્તારની દૃષ્ટિએ સંકલિત ખેતી પ્રણાલી તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. કારણકે તેમાં જમીનનું ટકાઉપણું, ફળદ્રુપતા અને જૈવિક વિવિધતા વગેરે વધતી ગુણવત્તામાં ફેરવાય તેવા પ્રયાસો જોવા મળે છે. જ્યારે દુર્લભ કૃત્રિમ જંતુનાશકો, એન્ટિબાયોટિક્સ , કૃત્રિમ ખાતરો, આનુવંશિક રીતે વૃદ્ધિ પામેલા મોડીસીસ વગેરે ઉપર તેમાં પ્રતિબંધ જોવા મળે છે. પ્રસ્તુત ઓર્ગેનિક ખેતી જે 20મી સદીની શરૂઆતમાં ઝડપથી બદલાતી ખેતી પદ્ધતિ તરીકે સામે આવી હતી, જેમાં ઘણા દેશોના સંઘર્ષો અને કૂદરતી બદલાવ મહત્વનું સ્થાન ધરાવે છે. જેમાં દેશ કુદરત સાથે અને કુદરત દેશ સાથે સતત તાલ મિલાવે છે.

**ભારતમાં ઓર્ગેનિક ખેતી**

**ઓર્ગેનિક ખેતીની ઐતિહાસિક બાબતો પર સંક્ષિપ્તમાં અભ્યાસ....**

બ્રિટિશ વનસ્પતિશાસ્ત્રી સર આલ્બર્ટ હોવર્ડને આધુનિક કાર્બનિક ખેતીના પિતા કહેવામાં આવે છે. ભારતના જ્યારે સર આલ્બર્ટ હોવર્ડ સેવા બજાવી રહ્યા હતા ત્યારે તે ટકાઉ ખેતી પદ્ધતિથી માહિતગાર થયા હતા એ તેમાંથી તેને ઓર્ગેનિક ખેતી પદ્ધતિ વિકસાવવા અંગેની પ્રેરણા મળી હતી.

ઓર્ગેનિક ખેતીનો ઇતિહાસ 1900 ના દાયકાની શરૂઆતમાં થયો છે તેની વિગતો સામે આવે છે. જેમાં એફ. એચ. કિંગ, રુડોલ્ફ સ્ટેઈનર, આલ્બર્ટ હોવર્ડ અને તેના અનેક સાથી વૈજ્ઞાનિકો તેમજ વનસ્પતિશાસ્ત્રીઓનો સમાવેશ થાય છે. ઉપરાંત ભારતીય કૃષિ વૈજ્ઞાનિક અને પર્યાવરણશાસ્ત્રી તરીકે જી. નમ્મલવરે ભારતીય કૃષિ ક્ષેત્રના સંદર્ભમાં ઓર્ગેનિક ખેતીના વ્યાપક ઉપયોગ અને તેના વિકાસ-વિસ્તારની મહત્ત્વની બાબતો ભારત સરકાર સામે રાખી હતી.

**ભારતમાં ઓર્ગેનિક ખેતી અને મહત્વની બાબતો**

**ઓર્ગેનિક ખેતીની સામાન્ય સમજ......**

કોઈ રાસાયણિક પ્રક્રિયા વિના કુદરતી પદ્ધતિ દ્વારા પાક ઉગાડવા અને ઉછેરવાની પ્રક્રિયા. જેનો હેતુ કુદરત સાથે સ્પર્ધા કરવાને બદલે તેની સાથે કામ કરવાનો છે.

ઓર્ગેનિક ખેતી જે એક ઉત્પાદન પદ્ધતિ તરીકે કાર્યશીલ છે. જે કૃત્રિમ રીતે ઉત્પાદિત કૃષિ નિયોજકોના ઉપયોગ પર પ્રતિબંધિત ખેતી પદ્ધતિ છે. પ્રસ્તુત પદ્ધતિ દ્વારા જમીનની ઉત્પાદકતા વધારવા, ફળદ્રુપતા જાળવવા, ટકાઉ કુદરતી સંસાધનોનો વ્યવસ્થિત અને અસરકારક ઉપયોગ કરવા તેમજ વાતાવરણની પરિસ્થિતિ અનુસાર જમીનની ફળદ્રુપતા વધારતા જીવજંતુઓનું રક્ષણ કરી યોગ્ય સંચાલન કાર્ય હાથ ધરી કામગીરી કરવામાં આવે છે. ઓર્ગેનિક ખેતીને એક વાક્યમાં

કહીએ તો કોઈ પણ કેમિકલ્સનો ઉપયોગ કર્યા વિના ખેતી કાર્ય હાથ ધરી ઉત્પાદન મેળવવું. અથવા ભેળસેળ વગરની ખેત પદ્ધતિ.

**FAO દ્વારા ઓર્ગેનિક ખેતીને નીચે મુજબ વ્યાખ્યાયિત કરવામાં આવી છે..**

- ઓર્ગેનિક ખેતીમાં આંતર ખેડાણ દ્વારા, મિશ્ર પાક અને પાક ફેરબદલી કરી કોઈ ખાતર કે રાસાયણિક પદાર્થો વિના ફળદ્રુપતા વધારવાના પ્રયાસો કરવામાં આવે છે.
- ખેડૂતો અને વ્યક્તિઓ હવે જાગ્રત થયા છે અને ઓર્ગેનિક ખેતી તરફ વળ્યા છે જે ભારતની બનાવટી ખેતી પદ્ધતિને ત્યજીને એક સુંદર સમાજનું નિર્માણ કરશે.
- સજીવ ખેતી હેઠળ વિવિધ તત્વોની ક્રિયા-પ્રતિક્રિયા દ્વારા સર્જાયેલી જૈવિક સમન્વયની પ્રક્રિયા હાથ ધરી સ્થાનિક રીતે જ ઉપલબ્ધ કુદરતી સંસાધનોના ઉપયોગ દ્વારા તેને પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- ઓર્ગેનિક ખેતીમાં કુદરતી સંસાધનોની કાર્યક્ષમતા મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. જેમાં લીલા ખાતર, છાણિયા ખાતર, જંગલ અથવા વન્ય કચરો કે સામગ્રી વગેરે જૈવિક પ્રદારથોનો ઉપયોગ કરી અન્ય અજૈવિક પ્રદાર્થો પર નિયંત્રણો લાદવામાં આવે છે.
- ખાતર અને લીલા ખાતરનો ઉપયોગ સજીવ ખેતીમાં મહત્વના તત્વ તરીકે કરવામાં આવે છે. તેનો ઉદ્દેશ્ય  પ્રાણીઓના મળમૂત્ર, તાજા લીલા પાંદડા, ડાંગરના ફોતરા, લાકડાનો વહેર, સૂકા પાંદડાનો કચરો વગેરેને ઉપયોગમાં લેવાની વાત કરવામાં આવે છે. ઉપરાંત ઓર્ગેનિક ખેતી દ્વારા મરી મસાલા, આદુ, હળદળ, ભીંડા, રિંગડા, ડુંગળી, ટમેટાં, બટાટા, તેલ, એરંડા, સુરમુખી, મગફળી વગેરે પાકો ભારતમાં વધુ લેવામાં આવે છે.

**ભારતમાં કેટલા ખેડૂતો ઓર્ગેનિક ખેતી કરે છે?**

માર્ચ 2020 સુધીમાં, ભારતમાં 1.9 મિલિયનથી વધુ ખેડૂતો ઓર્ગેનિક ખેતી પ્રણાલી હેઠળ નોંધાયેલા હતા. ભારતમાં લગભગ તમામ રાજ્યોમાં ઓર્ગેનિક ખેતી કરવામાં આવે છે જેમાં સિક્કિમને વર્ષ 2016માં ઔપચારિક રીતે 100 ટકા ઓર્ગેનિક રાજ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. ઉપરાંત ભારતના ટોચના ત્રણ રાજ્યો જેમકે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્ર ખેતી હેઠળના લગભગ અડધા વિસ્તારનો હિસ્સો ધરાવે છે.

**સેન્ટર ઓફ સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટના અહેવાલ અનુસાર** મોટાભાગના રાજ્યોનો એક નાનો અંશ જૈવિક ખેતી હેઠળ આવરી લેવામાં આવે છે. ભારતના ત્રણ રાજ્યો મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં અનુક્રમે 4.9, 2.0 અને 1.6 ટકા ચોખ્ખા વાવેતર વિસ્તાર માત્ર ઓર્ગેનિક ખેતી માટે વાપરવામાં આવે છે. જે અન્ય રાજ્યો જેમકે મેઘાલય, મિઝોરમ, ઉત્તરાખંડ, ગોવા, સિક્કિમ, તેમના ચોખ્ખા વાવેતરના 10 ટકા કે તેથી વધુ વિસ્તાર ધરાવે છે તેની સરખામણી એ ખુબ ઓછો કહી

શકાય. વર્ષ 2020 સુધીમાં ભારતમાં 2780000 હેક્ટર જમીન વિસ્તાર ઓર્ગેનિક ખેતી હેઠળ આવરી લેવામાં આવ્યો હતો. જેની વિગતવાર સમજૂતિ નીચે મુજબ જોઈ શકાય.

| વિગત | હેક્ટર (આંકડામાં) |
|---|---|
| ચોખ્ખો વાવેતર વિસ્તાર | 140.1 લાખ હેક્ટર |
| NPOP | 1940000 હેક્ટર |
| PKVY | 590000 હેક્ટર |
| MOVCD - NER | 70000 હેક્ટર |
| વિવિધ યોજના હેઠળ | 170000 હેક્ટર |

**સ્ત્રોત : સજીવ ખેતી માર્ગદર્શિકા, 2019**

ભારતમાં જૈવિક ખેતી હેઠળના મુખ્ય પાકો વર્ષ 2019-20 ની માહિતી અનુસાર, ભારતે 2.75 મિલિયન ટન પ્રમાણિત ઓર્ગેનિક ઉત્પાદનોનું ઉત્પાદન કર્યું હતું, જેમાં તેલીબિયાં, શેરડી, અનાજ, બાજરી, કપાસ, કઠોળ, સુગંધિત અને ઔષધીય છોડ, ચા, કોફી, ફળો, શાકભાજી, મસાલા, સૂકા ફળો અને પ્રોસેસ્ડ ફૂડ વગેરેનો સમાવેશ થતો હતો. જેનું નિકાસીનું નીચે મુજબ જોઈ શકાય.

| વિગત | હેક્ટર (આંકડામાં) |
|---|---|
| સોયા બીન | 45.87 % |
| તેલીબિયાં | 13.25 % |
| ચા અને કોફી | 9.61 % |
| અનાજ અને કઠોળ | 8.19 % |
| મરી મસાલા | 5.20 % |
| સૂકા ફળો | 4.98 % |
| ઔષધીય છોડ | 3.84 % |
| શેરડી અને કપાસ | 9.06 % |
| કુલ | 100 % |

**સ્ત્રોત : કૃષિ માર્ગદર્શિકા, 2019**

**ઓર્ગેનિક ખેત ઉત્પાદનમાં ભારત વિશ્વ અગ્રેસર છે.**

ભારતે વર્ષ 2018-19માં વૈશ્વિક ઓર્ગેનિક ઉત્પાદનમાં 51 ટકા (37,138 MT) યોગદાન આપ્યું હતું, ઓર્ગેનિક ખેતી હેઠળ ભારતની સૌથી વધુ જમીન એટલે 23,251 હેક્ટર આવરી લેવા પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો, બીજો ક્રમાંક પાકિસ્તાન 17,632 હેક્ટર અને ત્રીજો ક્રમાંક તુર્કી 6,148 હેક્ટર.

**ભારત સરકાર દ્વારા ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે વિવિધ યોજનાઓ અને નીતિઓ**

**- પરંપરાગત કૃષિ વિકાસ યોજના (PKVY)**

- પરંપરાગત કૃષિ વિકાસ યોજના વર્ષ 2015 માં શરૂ કરવામાં આવી હતી.
- પ્રસ્તૂત યોજના હેઠળ ભારતના 500-1000 હેક્ટર જમીન વિસ્તારને આવરી લેવામાં આવી હતી અને તેની સાથે તેને માળખાકીય સુવિધાઓ પણ સતત મળતી રહી હતી.
- પ્રસ્તુત યોજના અરુણાચલ પ્રદેશ, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ વગેરેમાં અમલી બની રહી હતી.


**- નેશનલ પ્રોગ્રામ ફોર ઓર્ગેનિક પ્રોડક્શન એપીડા (NPOP)**

- NPOP હેઠળ, 21 રાજ્યોમાં 1,490,000 હેક્ટરમાં ઔષધીય છોડ, સુગંધિત છોડ, ફળો, બદામ, મધ, દરિયાઈ કે જળચર છોડ, જંગલ વિસ્તારોમાં લણણી વિસ્તાર જેમાં ખાસ ટોચના પાંચ રાજ્યો (કુલ વિસ્તારના 80 ટકા) રાજસ્થાન, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, છત્તીસગઢ અને જમ્મુ અને કાશ્મીરની સામેલગીરી જોવા મળી હતી.

**અન્ય યોજનાઓ**

- ✓ Subsidies for organic farming
- ✓ Fasal Bima Yojana
- ✓ One District One Product (Odop)
- ✓ Pradhan Mantri Krishi Sinchai Yojana
- ✓ National Food Security Mission
- ✓ Integrated Scheme For Agriculture Marketing (Isam)
- ✓ Zero Budget Natural farming

ભારત જુદા જુદા રાજ્યોમાં ઓર્ગેનિક ખેતી વિસ્તાર દર્શાવતો નકશો




**Source : Ministry of Agriculture & Farmers Welfare, 2019**

## ભારતમાં ઓર્ગેનિક ખેતીની અસરો

### - ઓર્ગેનિક ખેતી અને પર્યાવરણ

- ઓર્ગેનિક ખેતી દ્વારા પર્યાવરણની સમતુલા જળવાય રહે છે.
- ઓર્ગેનિક ખેતી દ્વારા પ્રદુષણ નિયંત્રણ હેઠળ શુદ્ધ વાતાવરણ સર્જી શકાય છે.
- ઓર્ગેનિક ખેતી દ્વારા જળ અને જમીન વચ્ચેની સમતુલા જાળવી શકાય છે.
- ઓર્ગેનિક ખેતી દ્વારા જમીનની ઉંચી ગુણવત્તા અને ફળદ્રુપતામાં વધારો કરી શકાય છે.

### - ઓર્ગેનિક ખેતી અને સામાજિક વ્યવસ્થા

- ઓર્ગેનિક ખેતી દ્વારા સામાજિક અને આર્થિક સ્વાવલંબન મેળવી શકાય છે.
- ઓર્ગેનિક ખેતી દ્વારા ગુણવતાયુક્ત ઉત્પાદન સાથે ખાધ પૂરવઠો મેળવી શકાય છે.
- ઓર્ગેનિક ખેતી દ્વારા ટકાઉ અને સલામત ઊંચું જીવનધોરણ પ્રાપ્ત કરી શકાય છે.
- ઓર્ગેનિક ખેતી અંગેના મહત્વના સંશોધનો દ્વારા સમાજમાં ગ્રીન રિકવરી મેળવી શકાય છે.

- ઓર્ગેનિક ખેતી દ્વારા સામાજિક રીતે લોકો કુદરતી સંપત્તિનો યોગ્ય ઉપયોગ કરી આંતરિક અને બાહ્ય તમામ પ્રકારના લાભ મેળવી શકે છે.

**- ઓર્ગેનિક ખેતી અને આર્થિક સ્થિતિ**

- ઓર્ગેનિક ખેતી દ્વારા ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવી તેની માંગ સર્જી શકાય છે.
- ઓર્ગેનિક ખેતી દ્વારા મુક્તવર્ધક ઉત્પાદન મેળવી આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ લાભ મેળવી શકાય છે.
- ઓર્ગેનિક ખેતી દ્વારા ઓછા ખર્ચે વધુ ઉત્પાદન અને તેના દ્વારા વધુ આવક મેળવી શકાય છે.
- ઓર્ગેનિક ખેતી દ્વારા ખનીજ, ઇંધણ તથા અન્ય મોંઘા સંસાધનોનો ઉપયોગ કર્યા વિના ખેતી કાર્ય હાથ ધરી આર્થિક સ્થિતિમાં સુધારો કરી શકાય છે.

**- ઓર્ગેનિક ખેતી અને આરોગ્ય**

- ઓર્ગેનિક ખેતી દ્વારા લાંબુ જીવન, વધુ વય મર્યાદા અને પોષણક્ષમ આહાર મેળવી શકાય છે.
- ઓર્ગેનિક ખેતી દ્વારા પશુધન પણ પોષણક્ષમ આહાર મેળવી શકે છે.
- ઓર્ગેનિક ખેતી એટલે કેમિકલ્સ મુક્ત સ્વસ્થ જીવનધોરણ પ્રાપ્ત કરી શકાય છે.
- ઓર્ગેનિક ખેતી દ્વારા કૃત્રિમ રસાયણો અને પ્રદુષણ મુક્ત વાતાવરણ મેળવી શકાય છે.

**વર્ષ 2024 અંગેની આંકડાકીય માહિતીની રૂપરેખા**

- ઓર્ગેનિક ખેતી અંગેના બજાર માટે વર્ષ 2023-24 માં ભારત સરકાર દ્વારા 187.84 કરોડ ફાળવવામાં આવ્યા હતા.
- વર્ષ 2024 ના અંતે ઓર્ગેનિક ફારમિંગ મારજેટ વેલ્યુ 208.66 કરોડની થઈ હતી, આ ઉપરાંત ઓર્ગેનિક ખેતી દ્વારા પુનઃ જીવીત ખેતી, ચોક્કસ ખેત વ્યવસ્થા, છોડ આધારિત આહાર, આબોહવા પરિવર્તન સાથે સ્થિતિસ્થાપકતા તેમજ ડેસિબલીટી પ્રગતિનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
- **ધ પ્રમોશન ઓફ ઓર્ગેનિક ફારમિંગ બિલ, 2024 અનુસાર...** ભારતમાં ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે રાસાયણિક ખાતરો પરની નિર્ભરતા ઘટાડવી અને સાથે સાથે જમીનને તંદુરસ્ત જીવન પ્રદાન કરવું.

**તારણો**

- ઓર્ગેનિક ખેતી સંલગ્ન ઐતિહાસિક પરિસ્થિતિથી માહિતગાર થયા.

- વર્ષ 2018-19 માં ભારત દેશ ઓર્ગેનિક ખેતી અંતર્ગત વૈશ્વિક ઉત્પાદનમાં 51 હિસ્સો ધરાવતું હતું.
- વર્ષ 2020 સુધીમાં ભારતમાં 1.9 લાખ ખેડુતોએ ઓર્ગેનિક ખેતી અપનાવી હતી. જેમાં સિક્કિમ વર્ષ 2016 માં જ 100 ટકા ઓર્ગેનિક રાજ્ય તરીકે પ્રસ્થાપિત થયું હતું.
- ઓર્ગેનિક ખેતી અંતર્ગત મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્ર અનુક્રમે 4.9, 2.0 અને 1.6 ટકા હિસ્સો ધરાવતા હતા.
- ભારતમાં વર્ષ 2020 સુધી 2780000 હેકટર વિસ્તાર ઓર્ગેનિક ખેતી હેઠળ આવરી લેવામાં આવ્યો હતો.
- ભારતમાં સૌથી ફળદ્રુપતા ધરાવતી જમીન 23,251 હેકટર જોવા મળી હતી. જે પાકિસ્તાન અને તુર્કીના વિસ્તાર કરતા વિશેષ જોવા મળી હતી.
- ઓર્ગેનિક ખેતી સંલગ્ન સરકારી યોજનાઓનો અને નીતિઓ સંલગ્ન કામગીરી આધારે ભારતની 500-1000 હેકટર જમીન ધીરે ધીરે ઓર્ગેનિક ખેતી તરફ ફાળવવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.
- ભારતમાં ઓર્ગેનિક ખેતીની પર્યાવરણ, સામાજિક વ્યવસ્થા, આર્થિક પ્રવૃતિ અને આરોગ્ય પરની સાનુકૂળ અસરોનો અભ્યાસ મહત્વનો રહ્યો હતો.
- ભારતમાં વર્ષ 2023-24 માં સરકાર દ્વારા 187.84 કરોડ ઓર્ગેનિક ખેતી અને તેને સંલગ્ન પ્રવૃતિઓ માટે ફાળવવામાં આવ્યા હતા. જે એક મહત્ત્વની બાબત ગણી શકાય.
- વર્ષ 2024 ના અંતે ઓર્ગેનિક ખેતીની વેલ્યુ 208.66 કરોડની થવા પામી હતી
- ઓર્ગેનિક ખેતી દ્વારા મરી મસાલા, આદુ, હળદળ, ભીંડા, રિંગડા, ડુંગળી, ટમેટાં, બટાટા, તેલ, એરંડા, સુરમુખી, મગફળી વગેરે પાકો ભારતમાં વધુ લેવામાં આવે છે. તેવી બાબતો સ્પષ્ટ થઈ હતી.

## ઉપસંહાર

આમ, ઓર્ગેનિક ખેતી પદ્ધતિ ભારત દેશ અને દેશના લોકોને એક નવું જીવનધોરણ પ્રદાન કરી જીવન જીવવાની એક નવી પદ્ધતિ વિકસાવી આપશે, જે પરંપરાગત જીવનનો નિર્દેશ કરશે. આથી એમ કહી શકાય કે આધુનિક યુગ એ પ્રાચીન જીવનની જ એક શરૂઆત છે.

## સંદર્ભસૂચિ

**Webside**
- www.Qu. Quoro.com
- www.@krushividhya
- www.gu.m.Wikipedia.org
- www.safalkisan.com

- www.britannica.com
- www.divyabhaskar.co.in
- www.godhaniempire.com
- www.goau.gujarat.gov.in

**Article**

- કૃષિ માર્ગદર્શિકા, 2019
- સજીવ ખેતી માર્ગદર્શિકા, 2019
- Ministry of Agriculture & Farmers Welfare, 2019
- CEEW : Council on Energy, Environment and Water, 2019
- Organic world. Department of Agriculture & Farmers Welfare, 2021
- Organic farming. wikipedia, 2025

**Youtube channel**

- Kisan Parivar (Youtube Chennal), 2022
- Organic farming (Youtube Chennal), 2022